# સિમ્ફની લિમિટેડે BLDC ટેક્નોલોજી દ્વારા સંચાલિત વિશ્વની સૌપ્રથમ એર કૂલર રેન્જ લોન્ચ કરી

રાજકોટ,ઈવોપરેટિવ એર કૂલર્સમાં વૈશ્વિક અગ્રણી સિમ્ફની લિમિટેડે BLDC ટેક્નોલોજી દ્વારા સંચાલિત વિશ્વની સૌપ્રથમ એર કૂલર રેન્જ લોન્ચ કરી છે. અત્યંત ઉર્જા કાર્યક્ષમ એવી, BLDC એર કૂલર રેન્જ, અન્ય કૂલરની સરખામણીમાં ૬૦% જેટલી ઓછી વીજળી વાપરે છે જેના પરિણામે દર વર્ષે રૂ. ૨,૦૦૦ સુધીની ઊર્જા બચત થાય છે. કંપનીએ BLDC રેન્જમાં ૮૦ લિટર, ૫૫ લિટર અને ૩૦ લિટરની ક્ષમતાના ૩ મોડલ લોન્ચ કર્યા છે. અત્યંત ઊર્જા કાર્યક્ષમ હોવા ઉપરાંત, તે વધારાની સુવિધાઓથી પણ સુસજ્જ છે જેમ કે ૭-સ્પીડ ઓપ્શન્સ, ૮ કલાક સુધી નાઈટ સ્લીપ મોડ, ટચસ્ક્રીન કંટ્રોલ પેનલ, એમ્પ્ટી વોટર ટેંક એલાર્મ વગેરે. સિમ્ફની કૂલર્સ કાર્બન ફૂટપ્રિન્ટ ઘટે તે પ્રમાણે તૈયાર કરાયા છે જે પ્રતિ કૂલર પ્રતિ વર્ષ ૧૮ વૃક્ષો વાવવા બરાબર છે* અને એર કંડિશનરની સામે માત્ર ૧૦% ઊર્જાનો વપરાશ કરે છે. આ અંગે ટિપ્પણી કરતાં સિમ્ફની લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર,શ્રી અચલ બકેરીએ જણાવ્યું હતું કે, "સિમ્ફની ખાતે, અમે આજે આવતીકાલનું વિચારીએ છીએ. અમારો પ્રયાસ હંમેશા આપણા ગ્રહ અને તેના રહેવાસીઓ માટે વધુ સારા ભવિષ્યનું નિર્માણ કરવાનો રહ્યો છે જે અમારી બ્રાન્ડ ટેગલાઈન - 'થિંકિંગ ઓફ ટુમોરો' દ્વારા પ્રતિબિંબિત થાય છે. અમને ખાતરી છે કે આ નવી એર-કૂલિંગ રેન્જ સાથે, સિમ્ફની એર કૂલિંગના ભવિષ્યમાં ક્રાંતિ લાવશે અને ગ્રાહકો માટે ટકાઉ કૂલિંગ સોલ્યુશન્સના ગ્લોબલ લીડર તરીકે અમારી સ્થિતિને મજબૂત બનાવશે." સિમ્ફનીની BLDC પ્રોડક્ટ રેન્જ ભારતમાં ઉત્પાદિત છે અને કંપનીએ દેશની અંદર સપ્લાય માટે સંપૂર્ણ ઈકોસિસ્ટમ વિકસાવી છે. બ્રશલેસ ડીસી ઈલેક્ટ્રિક મોટર્સ (બીએલડીસી - BLDC) કાયમી ચુંબક ધરાવે છે જેના પરિણામે



**★ એર કૂલરની BLDC રેન્જ કોઈપણ અન્ય એર-કૂલરની સરખામણીમાં ૬૦% ઓછી વીજળી વાપરે છે**

હીટ લોસ ઓછો થાય છે અને મોટર ઊર્જા કાર્યક્ષમ બનીને વીજળીનો વપરાશ ઘટાડે છે. વિજય સેલ્સના સીએમડી શ્રી નિલેશ ગુપ્તાએ જણાવ્યું હતું કે, "ટેક્નોલોજી,આધુનિકીકરણ અને ગ્રાહક-પ્રથમ અભિગમ માટે જાણીતા, સિમ્ફની એર કૂલર્સ એએર કૂલર ખરીદવા ઈચ્છતા ગ્રાહકો માટે પહેલી પસંદગી રહી છે. સિમ્ફની ઘણી નવીન અને ઈન્ડસ્ટ્રી ફર્સ્ટ પ્રોડક્ટ્સ લોન્ચ કરીને એર કૂલર્સમાં વૈશ્વિક લીડર તરીકે ઉભરી આવી છે અને BLDC રેન્જ એ બ્રાન્ડની બીજી નવી નવીનતા હશે. અમે ૧૫ વર્ષથી સિમ્ફની બ્રાન્ડ સાથે ગર્વથી સંકળાયેલા છીએ."